તારીખ: ૨-૩-૨૦૨૦, સોમવાર નોબત (૪૦)

# નગરમાં આયાત-નિકાસકાર વેપારીઓ માટે માર્ગદર્શન સેમિનાર યોજાયો




જામનગર તા. ૨: ફેડરેશન ઓફ ઈન્ડિયન એક્સ્પોર્ટ ઓર્ગેનાઈઝેશન (ફીઓ) અમદાવાદ, જોઈન્ટ ડાયરેક્ટર જનરલ ઓફ ફોરેન ટ્રેડ તથા જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના સંયુક્ત ઉપક્રમે નિકાશ કરતા વ્યાપારીઓ-ઉદ્યોગકારો (નાના અને મધ્યમ ઔદ્યોગિક એકમોને) માટે ડિસ્ટ્રીક્ટ આઉટરીચ પ્રોગ્રામ તથા એક્સ્પોર્ટ અવેરનેશ અંગે જામનગર ચેમ્બરમાં એક સેમિનાર તા. ૨૫-૨-૨૦૨૦ યોજાયો હતો.

આ માર્ગદર્શક સેમિનારમાં ફેડરેશન ઓફ ઈન્ડિયન એક્સ્પોર્ટ ઓર્ગેનાઈઝેશન (ફીઓ) ના હેડ જયપ્રકાશભાઈ ગોયેલ, જોઈન્ટ ડીજીએફ રાજકોટના વી.એન.રાવ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર જામનગરના જનરલ મેનેજર ડી.એમ.જોષી તથા કાર્યક્રમના મુખ્ય વક્તા તરીકે નિષ્ણાત પરેશભાઈ સોલંકી ઉપસ્થિત રહ્યા હતા. સેમિનારની શરૂઆતમાં સંસ્થાના હોદ્દેદારઓએ ઉપસ્થિત મહેમાનોને પુષ્પગુચ્છ અર્પણ કરી અભિવાદન કર્યું હતું. ત્યાર પછી ચેમ્બર પ્રમુખ બિપેન્દ્રસિંહ સી. જાડેજાએ ઉપસ્થિતોનું શબ્દોથી સ્વાગત કરતા જણાવેલ કે ચેમ્બર હરહંમેશ સમયાંતરે પ્રોડક્ટસની નિકાશ થાય છે, આથી વધુને વધુ નિકાસ વધે અને વેપાર ઉદ્યોગ વિકાસ પામે તે આ સેમિનારનો હેતુ છે. પ્રાસંગિક ઉદ્દબોધનમાં જોઈન્ટ ડીજીએફટી, રાજકોટના વી.એન.રાવે આવા કાર્યક્રમના આયોજનની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો હતો. જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજર ડી.એમ.જોષીએ તેમના ઉદ્દબોધનમાં જણાવેલ કે એમએસએમઈ સેક્ટરનું ઉદ્યોગમાં ખુબ જ મહત્ત્વનું યોગદાન છે. સરકાર ખાસ ઉદ્યોગને પ્રમોટ કરવા ઘણી યોજનાઓ આપે છે. તેમણે સરકારની વિવિધ યોજનાઓની માહિતી આપી હતી ત્યારપછી સેમિનાર ના મુખ્ય વક્તા નિષ્ણાત પરેશભાઈ સોલંકીએ સભ્યોને ઓડીયો-વિઝયુલના માધ્યમથી નિકાસ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. જેમાં ખાસ કરીને ઈઝી ઓફ ડુઈંગ બિઝનેશ, આયાત-નિકાસ વ્યવસાયમાં વ્યાપારની તકો, સરકાર દ્વારા આયાત-નિકાસ ઉદ્યોગતને મળતા લાભો, ખાસ નિકાસની આંકડાકીય માહિતી અને અભ્યાસ, આયાત-નિકાસ માટે જરૂરી ડોક્યુમેન્ટસ બાબત, ખાસ પાર્ટસ ઉદ્યોગ માટે નિકાસની તકો, લેટરઓ ક્રેડીટ અંગે પેમેન્ટની શરતો, બાયર્સની શોધ, તથા ઈઈપીસીની સાઈટનો અભ્યાસ કરવા વગેરે ઉપર માર્ગદર્શ્ન આપ્યું હતું. વધુમાં તેમણે ઈસીજીસી, એફઓબી, સીઆઈઓફ, પોર્ટ સુધીની નિકાસની પ્રક્રિયા, ઈન્સયોરન્સના લાભો વગેરે બાબત તથા ફીઓની સાઈટ ઈન્ડિયન ટ્રેડ પોર્ટલ તેમજ તેમના યુ-ટ્યુબમાં રહેલ વક્તવ્ય અને માર્ગદર્શનનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. સેમિનારના અંતે તેમણે ઉપસ્થિતોના સવાલોના સંતોષકારક પ્રત્યુતર પાઠવી માર્ગદર્શન આપ્યુ હતું. આ સેમિનારમાં ચેમ્બરની એક્સ્પોર્ટ-ઈમ્પોર્ટ પેનલના સભ્યો, ચેમ્બરની કારોબારી સમિતિના સભ્યો, નિકાસકારો એકમોના પ્રતિનિધિઓ તથા વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર સેમિનારનું સંચાલન ફીઓના હેડ જયપ્રકાશભાઈ ગોયેલે અને અંતે આભાર દર્શન સંસ્થાના માનદ સહમંત્રી કૃણાલભાઈ વી. શેઠ દ્વારા કરવામાં આવ્યું હતું.